## સંક્ષિપ્ત સમાચાર

### પલસાણા પોલીસ સ્ટેશનના વોન્ટેડ આરોપીની ધરપકડ


દિપકસિંહ મહીડા

પલસાણા, અંત્રોલીઃ સુરત ગ્રામ્ય વિસ્તારમાં વોન્ટેડ આરોપીઓને પકડવાની ઝુંબેશ અંતર્ગત કડોદરા GIDC પોલીસ સ્ટેશનની ટીમે બાતમીના આધારે રીઢા ગુનેગાર આકાશ ભીમરાવ બહારે (ઉં.વ.૨૩) (રહે.,દસ્તાન ગામ, મૂળ કોસાડ આવાસ)ને કડોદરા-બારડોલી રોડ પર ત્રિમૂર્તિ કાંટા પાસેથી કોર્ડન કરી ઝડપી પાડ્યો છે. આરોપી પલસાણા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન અને મારામારીના ગુનાઓમાં લાંબા સમયથી વોન્ટેડ હતો. પકડાયેલા આરોપીનો ગુનાહિત ઇતિહાસ ખૂબ જ લાંબો છે. વર્ષ-૨૦૧૯થી ૨૦૨૪ દરમિયાન સુરત શહેરના અડાજણ, સરથાણા, અમરોલી, વરાછા, લિંબાયત, કતારગામ, કાપોદ્રા, ચોકબજાર, ઉધના અને ઉમરા સહિતનાં વિવિધ પોલીસ સ્ટેશનોમાં તેની વિરુદ્ધ ચોરી, મારામારી અને પ્રોહિબિશનના અનેક ગુના નોંધાયેલા છે. પોલીસે આરોપી વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

### તિલકવાડામાં ગાળો બોલવાની ના પાડતાં હુમલો

રાજપીપળાઃ તિલકવાડાના ભાદરવા ટેકરા ફળિયામાં રહેતા પ્રદીપભાઈ સુખરામભાઈ તડવી રાત્રે ઘરે હતા, ત્યારે તેમનો કૌટુંબિક સાળો નીરવ રમેશભાઈ તડવી ઘર પાસે મોબાઈલ પર મોટેથી ગાળો બોલી રહ્યો હતો. પ્રદીપભાઈએ ગાળો બોલવાની ના પાડતાં ઉશ્કેરાયેલા નીરવે ઝઘડો કર્યો હતો. ત્યારબાદ નીરવ ઘરમાંથી પાવડો લાવી પ્રદીપભાઈના માથાના પાછળના ભાગે મારી દેતાં ઈજા થઈ હતી. બૂમાબૂમ થતાં પત્ની અને આસપાસના લોકોએ તેમને છોડાવ્યા હતા. જતી વખતે આરોપીએ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે તિલકવાડા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

### અંકલેશ્વરમાં ફરાર આરોપી ઝડપાયો

ભરૂચ, અંકલેશ્વરઃ ભરૂચ SOG ટીમે અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી NDPS એક્ટ હેઠળ ફરાર આરોપી સંતોષ જોગેશ્વર યાદવને ભોલાવ એસ.ટી. ડેપો નજીકથી બાતમીના આધારે ઝડપી પાડ્યો છે. આ ગુનામાં પોલીસે કુલ રૂ. ૧૧.૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. SOG ટીમે આરોપીની ઓળખ સુનિશ્ચિત કરી તેની અટકાયત કરી છે અને આગળની કાર્યવાહી માટે તેને કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં ગાંજા કેસમાં વોન્ટેડ મહિલા ઝડપાઈ

અંકલેશ્વરઃ અંકલેશ્વરના ગુજરાત હાઉસિંગ બોર્ડ વિસ્તારમાંથી ૧.૨૪૫ કિગ્રા ગાંજો ઝડપાયાના કેસમાં ફરાર મહિલા આરોપી રૂખશાના ઉર્ફે એના (રહે.,ગોયા બજાર)ની શહેર 'એ' ડિવિઝન પોલીસે અટકાયત કરી છે. અગાઉ આ જ ગુનામાં લક્ષ્મીબેન ઠક્કરની ધરપકડ થઈ હતી, જ્યારે જથ્થો પૂરો પાડનાર રૂખશાના વોન્ટેડ હતી.

### બુહારીના જીન ફળિયામાં સી.સી. રોડ બિસમાર બન્યો



વાલોડઃ વા લોડના બુહારી ગામે જીન ફળિયામાં સરકારી નાણાંથી લાખો રૂપિયાના ખર્ચે સીસી રોડ બનાવવામાં આવ્યો હતો. જેથી સ્થાનિકોને તકલીફ ન પડે. પરંતુ જે-તે એજન્સી અને તેમના મ ળતીયાઓએ એકબીજાના મે ળાપીપણામાં રસ્તો તો માત્ર નામ પૂરતો જ બનાવ્યો. માત્ર નામનો અને મોટી ખાયકી કરી હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. માંડ હજુ આ માર્ગ બનાવ્યાને 6 માસ થયા છે, ત્યાં તો આ માર્ગ અત્યંત બિસમાર બન્યો છે. માર્ગ ઉપર મોટા ખાડાઓ તેમજ કપચીઓ બહાર નીકળી ગઈ છે. ગામના જાગૃત આગેવાન ભૂપેન્દ્ર રામુભાઈ પટેલ દ્વારા વાલોડ તાલુકા વિકાસ અધિકારીને લેખિત ફરિયાદ આપી આ આર.સી.સી રોડમાં થયેલ ભ્રષ્ટાચાર અને જનતાના નાણાંના વેડફાટ અંગે યોગ્ય તપાસ કરી અને જવાબદારો સામે ગુનો દાખલ કરવાની માંગ કરાઈ છે.

### કીમમાં રોગો અટકાવવા દવાનો છંટકાવ


કિરણ ઢોડિયા

કીમઃ બે દિવસ અગાઉ પડેલા ધોધમાર વરસાદના કારણે કીમ અને કુડસદ ગામના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. આથી મચ્છરજન્ય અને માખીજન્ય સહિતના વાહકજન્ય રોગો ફેલાવાની સંભાવના ઊભી ન થાય આ સ્થિતિને ધ્યાનમાં રાખીને કીમ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા અટકાયતી પગલાંના ભાગરૂપે આજે બંને ગામોમાં ચૂનાનો છંટકાવ તેમજ Diflubenzuron 25 EC દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

### હાંસોટના ઓભા ગામમાં મોકડ્રીલ યોજાઈ



ભરૂચઃ ભરૂચ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા હાંસોટના ઓભા ગામે પૂર જેવી આપત્તિનો સામનો કરવા મોકડ્રીલ યોજાઈ હતી. ભારે વરસાદથી નદીમાં ફસાયેલા નાગરિકોને બચાવવાની કલ્પિત સ્થિતિ હેઠળ સ્થાનિક તરવૈયા અને રેસ્ક્યુ ટીમે પાંચ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. મામલતદાર, આરોગ્ય અને પોલીસ તંત્રએ સંકલન સાધી બચાવ, પ્રાથમિક સારવાર અને કાયદો-વ્યવસ્થાની કામગીરીનું સફળ નિદર્શન કરી પોતાની સજ્જતા સાબિત કરી હતી.

### ભરૂચમાં હાઈવે પર ટેમ્પો ચાલકનો લટકતો મૃતદેહ મળ્યો



ભરૂચઃ ભરૂચના નબીપુર નજીક રાષ્ટ્રીય ધોરી માર્ગ-48 પર પાર્ક કરેલા ટેમ્પો પાસે અરબાઝ નામના યુવાનનો દોરીથી લટકતો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી છે. ઘટનાની જાણ થતાં નબીપુર પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી હત્યા કે આત્મહત્યા બંને દિશામાં તપાસ શરૂ કરી છે. પુરાવા એકત્ર કરી પરિવાર અને સાથી ચાલકોની પૂછપરછ હાથ ધરાઈ છે.

# ભરૂચમાં જર્જરિત મકાન તોડાયું

**પાલિકાએ** ચોમાસા પૂર્વે 40 મકાન માલિકોને નોટિસ પાઠવી હતી

**રાહદારીઓ** અને આસપાસના લોકો માટે જોખમ ઊભું થતાં કાર્યવાહી



ભરૂચઃ ભરૂચ શહેરના છીપવાડ વિસ્તારમાં છેલ્લાં 15 વર્ષથી બંધ પડેલાં જર્જરિત મકાનનો કેટલોક ભાગ ધરાશાયી થયા બાદ નગરપાલિકાએ આખરે આ મકાનને સંપૂર્ણપણે તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરી છે. પાલિકાએ આ વર્ષે ચોમાસા પૂર્વે 40 મકાન માલિકોને નોટિસ પાઠવીને તેમના મકાન સમારકામ અથવા તોડી પાડવા માટે તાકીદ કરી હતી.

છીપવાડમાં મકાન નંબર ઈ-1827નો મામલો ખાસ ગંભીર બન્યો હતો. કારણ કે, આ મકાનની ગેલેરી તા.1ના રોજ ધરાશાયી થઈ ગઈ હતી. જે બાદ પાલિકાએ તાત્કાલિક બેરિકેડિંગ કરી વિસ્તારને સુરક્ષિત કર્યો હતો. આ મકાન મુખ્ય રોડ પર આવેલું હોવાથી અને નજીકમાં ઘાસમંડાઈનો ચોક આવેલો હોવાથી રાહદારીઓ અને આસપાસના લોકો માટે જોખમ ઊભું થયું હતું. પાલિકાના રેકોર્ડ મુજબ આ મકાનના માલિક તરીકે વીજકોરબેન નગીનલાલ મરચાવાલાનું નામ નોંધાયેલું છે, જ્યારે ભાડુઆત તરીકે નટવરલાલ નાનાલાલ અધલખીયાવાળાનું નામ સરકારી ચોપડામાં છે. પરંતુ લાંબા સમયથી મકાનમાલિક કે ભાડુઆતનો કોઈ સંપર્ક થઈ શક્યો નથી. ભાડુઆત પણ ત્યાં રહેતાં ન હોવાથી અને મકાનની હાલત અત્યંત જર્જરિત બની ગયું હોવાથી પાલિકાના મુખ્ય અધિકારીએ મકાન ઉતારી લેવાનો નિર્ણય લીધો હતો.

### ભરૂચમાં સો-સવા સો વર્ષ જૂનાં મકાનો હયાત

ભરૂચ શહેરના ચકલા, લાલબજાર, છીપવાડ, વેજલપુર, સોનેરી મહેલ, ફૂરજા, કતોપોર બજાર સહિતના જૂના વિસ્તારોમાં હજુ પણ સો-સવા સો વર્ષ જૂનાં મકાનો હયાત છે. ઘણાં મકાનમાલિકોએ પોતાનાં જૂનાં મકાન ખાલી કરીને અન્યત્ર સ્થળાંતર કરી દીધું છે, તો ઘણાં મકાન ભાડે આપવામાં આવ્યાં છે. પરંતુ માલિકો અને ભાડુઆતો વચ્ચે સમારકામને લઈને થતાં વિવાદોને કારણે મકાનોની સ્થિતિ ખરાબ થતી જાય છે. ભાડુઆતો રિપેર કરાવતાં નથી અને માલિકો પણ દૂર રહેતા હોવાથી આ મકાનો જોખમી બની જાય છે. અન્ય જોખમી મકાનો સામે પણ પાલિકા સખત વલણ અપનાવશે તેવી શક્યતા છે.


સુરેશ ગાંધી, પ્રવીણ તેરૈયા

# ગડખોલના મહેન્દ્રનગરમાં વરસાદી અને ગટરના પાણીથી લોકો ત્રસ્ત

**વર્ષોથી** સમસ્યા યથાવત, સ્થાનિકોનો તંત્ર સામે આક્રોશ

અંકલેશ્વરઃ ગડખોલ સ્થિત મહેન્દ્રનગર વિસ્તારમાં વરસાદી મોસમ શરૂ થતા જ ગટરના ગંદા પાણી અને વરસાદી પાણીના ભરાવાની ગંભીર સમસ્યા ફરી સામે આવી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ નીલકુંજ અને ચંડાલ ચોકડી સહિતના વિસ્તારોની ગટર લાઇન ડાયવર્ટ કરાતાં મહેન્દ્રનગરમાં ઘૂંટણસમા ગંદા પાણી ભરાતાં લોકોને હાલાકીનો સામનો કરવો પડે છે.

સ્થાનિક રહેવાસી પુષ્પા વિશ્વકર્મા સહિત મહિલાઓએ આક્ષેપ કર્યો કે, છેલ્લાં પાંચ વર્ષથી રસ્તા અને પાણીના નિકાલની સમસ્યા અંગે અનેક રજૂઆતો કરવા છતાં કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. તેમના જણાવ્યા મુજબ ચૂંટણી સમયે જનતાના પ્રશ્નો સાંભળવા આવતાં જનપ્રતિનિધિઓ ચૂંટણી પૂર્ણ થયા બાદ વિસ્તારમાં ફરી જોવા મળતા નથી.

રહેવાસીઓએ જણાવ્યું હતું કે, સામાન્ય વરસાદ પડતા જ ગટરના ગંદા પાણી ઘરોમાં ઘૂસી જાય છે. શૌચાલયોમાં ગંદકી ભરાઈ જાય છે અને ઘૂંટણથી કમર સુધીના ગંદા પાણી વચ્ચે રોજિંદું જીવન જીવવું મુશ્કેલ બની જાય છે. બાળકો, વૃદ્ધો અને મહિલાઓ માટે રોગચાળાનો ભય પણ ઊભો થયો છે. જો કાયમી કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ગડખોલના મહેન્દ્રનગર વિસ્તારમાં મંદિર પાસે પૂજા માટે બનાવવામાં આવેલા કુંડમાં પાણી ભરાઈ જતાં તેમાં રમતા રમતા આશરે પાંચ વર્ષનું બાળક ડૂબી જવાથી કરુણ મોત થયું હતું. તે સમયે જરૂરી કાર્યવાહીની ખાતરી આપી હતી. છતાં સુધારો જોવા મળ્યો નથી.

### અંકલેશ્વરમાં પાણીની લાઇનની કામગીરી દરમિયાન ટ્રક ફસાઈ

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેરના સુરતી ભાગોળ વિસ્તારમાં પાણીની લાઈન નાંખવાના કામ દરમિયાન જમીન ધસી જતાં રેતી ભરેલી એક ટ્રક રસ્તાની વચ્ચે ફસાઈ ગઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અંકલેશ્વર જીઆઈડીસી દ્વારા આ વિસ્તારમાં પાણીની લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી હતી. આ કામને કારણે રસ્તાનો એક ભાગ નબળો પડી ગયો હતો. તે દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી રેતી ભરેલી ટ્રકનાં પૈડાં ધસી જતાં ટ્રક રસ્તા વચ્ચે અટવાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ સંબંધિત તંત્રની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. ટ્રકને બહાર કાઢવા માટે સૌપ્રથમ તેમાં ભરેલી રેતી ખાલી કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. બાદ જરૂરી સાધનોની મદદથી ટ્રકને સલામત રીતે બહાર કાઢવાની કવાયત શરૂ કરવામાં આવી હતી. આ બનાવમાં કોઈપણ પ્રકારની જાનહાનિ કે મિલકતના નુકસાનના અહેવાલ નથી.

### કીકવાડ પાસે રિક્ષા ટેમ્પો પાછળ ઘૂસી જતાં એકનું મોત, એક ગંભીર

બારડોલીઃ બારડોલી ખાતે મજૂરીકામે આવેલા મહારાષ્ટ્રના નંદુરબારના પીપલોદ રતનપાડા ગામના બે વૃદ્ધો ગત ૯ જુલાઈની રાત્રે પેસેન્જર રિક્ષા નં.(જી. જે. ૧૯ ડબ્લ્યૂ.બી. ૫૩૪૯)માં મુસાફરી કરી રહ્યા હતા. આ દરમિયાન રિક્ષા ચાલકે પૂરપાટ ઝડપે વાહન હંકારી રોડ સાઈડમાં ઊભેલા ટેમ્પો પાછળ રિક્ષા અથડાવી દીધી હતી. આ ગંભીર અકસ્માતમાં ઈજાગ્રસ્ત ૬૫ વર્ષીય પિરસિંગભાઈ પાડવીનું સુરત સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક વૃદ્ધ રમેશભાઈ ઘાયલ થયા હતા. આ મામલે મૃતકની પુત્રીએ રિક્ષા ચાલક વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# અંકલેશ્વરમાં શંકાસ્પદ કાસ્ટ સોડિયમ પાઉડરનો જથ્થો મળ્યો

**રૂ.70.40** લાખનો મુદ્દામાલ જપ્ત, બેની અટકાયત


સુરેશ ગાંધી, પ્રવીણ તેરૈયા

અંકલેશ્વરઃ ભરૂચ લોકલ ક્રાઇમ બ્રાન્ચે અંકલેશ્વર જીઆઈડીસીમાં એશિયન પેઈન્ટ ચોકડી નજીક આવેલા જીવનદીપ કોમ્પ્લેક્સમાં દરોડો પાડી શંકાસ્પદ કાસ્ટ સોડિયમ પાઉડરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે કુલ રૂ.70.40 લાખનો મુદ્દામાલ જપ્ત કરી બે શખ્સની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસને મળેલી બાતમીના આધારે એશિયન પેઈન્ટ ચોકડી નજીક આવેલા જીવનદીપ કોમ્પ્લેક્સના ત્રીજા માળે આવેલી દુકાન નંબર ટી-૧૮માં દરોડો પાડવામાં આવ્યો હતો. કાર્યવાહી દરમિયાન દુકાનમાં રાખવામાં આવેલા આઠ ડ્રમમાંથી અંદાજે 200 કિલોગ્રામ મોન્ટેલુ કાસ્ટ સોડિયમ પાઉડર મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં આ પાઉડર અસ્થમાની દવા બનાવવા માટે ઉપયોગમાં લેવાતો હોવાનુ જાણવા મળ્યું છે.

પોલીસે સ્થળ પરથી અંદાજે રૂ.70 લાખ કિંમતનો પાઉડર તેમજ ચાર મોબાઈલ ફોન મળી કુલ રૂ.70.40 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં પોલીસે દિવા રોડ પર આવેલી મંગલમૂર્તિ સોસાયટીમાં રહેતા જેમિશ અશોક મોદી અને ધૃવિક મિતેષકુમાર મોદીની શંકાસ્પદ હાલતમાં અટકાયત કરી હતી. પૂછપરછ દરમિયાન બંનેએ આ જથ્થો તેમના મિત્ર અનુજ જયસ્વાલ મૂકી ગયો હોવાનુ જણાવ્યું હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. પ્રાથમિક તપાસના આધારે પોલીસે શંકા વ્યક્ત કરી છે કે આ જથ્થો ચોરી અથવા અન્ય કોઈ ગુનાહિત કાવતરાના ભાગરૂપે મેળવવામાં આવ્યો હોઈ શકે છે. સમગ્ર મામલે ભરૂચ એલસીબી દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# લંડનથી સોનું લાવવાના બહાને ઠગાઈ

**નકલી** પોલીસ અધિકારીની જાળમાં ફસાયેલી ભરૂચની મહિલાને '181 અભયમ'ની ટીમે આત્મહત્યા કરતા બચાવી

ભરૂચઃ ભરૂચ જિલ્લામાં એક મહિલા લંડનથી સોનું અને ડોલર લાવવાની લાલચમાં નકલી પોલીસ અને અજાણી મહિલાની જાળમાં ફસાઈને 60,000 ગુમાવી બેઠી હતી. જો કે, '181 અભયમ મહિલા હેલ્પલાઈન'ની ટીમે સમયસર કાઉન્સેલિંગ કરી મહિલાને આત્મહત્યા જેવા ગંભીર પગલાંથી બચાવી લીધી છે.

પીડિત મહિલા બાળકને સ્કૂલે મૂકવા જતી હતી ત્યારે એક અજાણી મહિલાએ તેની સાથે મિત્રતા કેળવી હતી. તેણે વાર્તા ઘડી કે તેનો ભાઈ લંડનથી સોનું-ડોલર લાવ્યો છે અને મુંબઈ એરપોર્ટ પર પકડાયો છે. ભાઈને છોડાવવામાં મદદ કરવાના બદલામાં રૂ.5,00,000 આપવાની લાલચ આપી મહિલાને ફસાવવામાં આવી હતી. ત્યારબાદ પોતાની ઓળખ ઉચ્ચ પોલીસ અધિકારી તરીકે આપતા એક શખ્સે માત્ર WhatsApp કોલ દ્વારા સંપર્ક કરી, એરપોર્ટ ક્લિયરન્સના નામે મહિલા પાસેથી દાગીના ગીરવે મુકાવી તબક્કાવાર 60,000 પડાવી લીધા હતા. વધુ નાણાંની વ્યવસ્થા ન થતાં અને ભાઈએ પૈસા આપવાની ના પાડતાં મહિલાએ આત્મહત્યાની ધમકી આપી હતી. શંકા જતાં ભાઈએ '181 અભયમ'નો સંપર્ક કર્યો હતો. રેસ્ક્યુ ટીમે ઘટના સ્થળે પહોંચી મહિલાનું કુનેહપૂર્વક કાઉન્સેલિંગ કર્યું હતું. જેનાથી સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું.

અભયમ ટીમે જ્યારે એ નકલી પોલીસ અધિકારીને ફોન કરીને કાયદાકીય પૂછપરછ કરી, ત્યારે ઠગ ગભરાઈ ગયો અને ચેટ 'ડિલીટ ફોર એવરીવન' કરી નંબર બ્લોક કરી દીધો હતો. આથી તે ઓનલાઈન ફ્રોડ હોવાનું સ્પષ્ટ સાબિત થયું હતું. અભયમ ટીમે તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈનનો સંપર્ક કરાવી પરિવારને કાયદાકીય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને મહિલાને ડિજિટલ અવેરનેસ રાખવાની સલાહ આપી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### માંડવી ખાતે NPCIL અને સ્થાનિક આગેવાનો વચ્ચે બેઠક યોજાઈ

માંડવીઃ માંડવી પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને NPCILના અધિકારીઓ અને સ્થાનિક જનપ્રતિનિધિઓ વચ્ચે મહત્ત્વની બેઠક યોજાઈ હતી, જેમાં તાલુકા પંચાયતના ઉપપ્રમુખ રીતેશભાઈ ચૌધરી, સભ્ય હિમાંશુકુમાર ચૌધરી, રાજેશભાઈ ગામીત તેમજ વિવિધ ગ્રામ પંચાયતના સરપંચો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં કાકરાપાર અણુમથક (KAPS)થી અસરગ્રસ્ત ગામોના વિકાસ અને પડતર પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સ્થાનિક આગેવાનોએ માંગ કરી હતી કે, CSR ફંડના વિકાસકાર્યો ગ્રામ પંચાયત મારફત જ થવા જોઈએ અને પંચાયતના પૂર્ણતા પ્રમાણપત્ર બાદ જ બિલ ચૂકવવામાં આવે. ઉપરાંત, અણુમથકમાં સ્થાનિક યુવાનો અને જમીન ગુમાવનાર પરિવારોને રોજગારીમાં પ્રાથમિકતા આપવી, શાળાઓમાં સ્કોલરશિપ યોજના ફરી શરૂ કરવી, મત્સ્ય વ્યવસાયના પ્રશ્નો ઉકેલવા અને જનસંપર્ક કચેરીને વધુ સક્રિય બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.


હિતેશ પટેલ

### રાજસ્થાનના બળાત્કાર કેસમાં આરોપીઓને સજા કરવા ઝઘડિયામાં આવેદન પાઠવાયું



ભરૂચઃ રાજસ્થાનના શ્રીગંગાનગરમાં 13 વર્ષની સગીરા સાથે થયેલી જઘન્ય સામૂહિક દુષ્કર્મની ઘટના અંગે ભરૂચ જિલ્લાના ઝઘડિયામાં સામાજિક આગેવાનોએ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને સંબોધીને SDM કચેરીએ આવેદનપત્ર પાઠવ્યું છે. આવેદનપત્ર દ્વારા આ ગંભીર ગુનાની નિષ્પક્ષ તપાસ તેમજ આરોપીઓને કડકમાં કડક સજાની માંગ કરી હતી.

### ટુંડા ગામમાંથી દારૂ સાથે બુટલેગર ઝડપાયો

સાયણઃ ઓલપાડ પોલીસે કાંઠાના ટુંડા ગામે રેઇડ પાડી સીમમાં દેશી દારૂ ગાળતા બુટલેગર સુખદેવ કીકાભાઇ પટેલ (ઉં.વ.૫૬)ને ઝડપી લીધો હતો. પોલીસે સ્થળ પરથી રૂ.3,000ની કિંમતનો 15 લીટર દેશી દારૂ અને રૂ. 2,12,500ની કિંમતનું 8,500 લીટર ગોળ-પાણીનું રસાયણ મળી કુલ રૂ.2,15,500નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પૂછપરછમાં દારૂ ગાળવા માટે ગોળ સપ્લાય કરનાર સ્થાનિક શખ્સ અમરત ઈશ્વર પટેલનું નામ ખૂલતાં પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

### બલદવા ગામનો રસ્તો બિસમાર


દીપક ગુર્જર

નેત્રંગઃ નેત્રંગના બલદવા ગામના બામલા કંપની ફળિયાથી ચંદ્રવાણ ગામ થઈ મુખ્ય માર્ગને જોડતો રસ્તો છેલ્લા ૩૫ વર્ષથી બિસમાર હોવાથી ગ્રામજનોએ નેત્રંગ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. સ્થાનિકોના જણાવ્યા મુજબ બે વાર ટેન્ડર મંજૂર થવા છતાં ડામરનું કામ અધૂરું છોડી દેવાયું છે. ચોમાસામાં કાદવ-કીચડ અને ખાડાઓને કારણે વિદ્યાર્થીઓ, ખેડૂતો અને દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે તેમજ અકસ્માતનો ભય રહે છે. ગામના વિકાસમાં બાધરૂપ આ માર્ગ તાકીદે બનાવવામાં નહીં આવે તો ગ્રામજનોએ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

### કારેલામાં એમ્બ્યુલન્સમાંથી લાશ મળી




ભરૂચઃ ભરૂચના કારેલા ગામ પાસે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર આવેલા એક પેટ્રોલ પંપના કમ્પાઉન્ડમાં લાંબા સમયથી પાર્ક કરેલી એમ્બ્યુલન્સમાંથી શુક્રવારે એક અજાણ્યા વ્યક્તિનો રહસ્યમય મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ છે. પેટ્રોલ પંપના કર્મચારીઓને શંકાસ્પદ દુર્ગંધ આવતાં આ સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. બનાવની જાણ થતાં જ ભરૂચ તાલુકા પોલીસ અને FSLની ટીમે ઘટના સ્થળે પહોંચી વૈજ્ઞાનિક તપાસ હાથ ધરી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. હાલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી, સીસીટીવી ફૂટેજ અને એમ્બ્યુલન્સના રેકોર્ડના આધારે મૃતકની ઓળખ મેળવવા સહિતની આગળની તપાસ શરૂ કરી છે.

### માંગરોળના મામલતદાર ડો.હિતેષભાઈ ચાવડાનો વિદાય સમારોહ યોજાયો


વિનોદ મૈસુરીયા

વાંકલઃ માંગરોળમાં દોઢ વર્ષ સુધી પ્રશંસનીય ફરજ બજાવનાર મામલતદાર ડો.હિતેષભાઈ ચાવડાને નાયબ કલેક્ટર તરીકે પ્રમોશન મળતાં ગીર સોમનાથ (વેરાવળ) ખાતે બદલી થઈ છે. આ પ્રસંગે મામલતદાર કચેરી ખાતે યોજાયેલા ભાવભીના વિદાય સમારોહમાં સમગ્ર સ્ટાફ અને સ્થાનિક અગ્રણીઓ દ્વારા તેમનું વિશેષ સન્માન કરી ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### ડભારી દરિયા કાંઠેથી રૂ.૧.૨૬ લાખનો દારૂ ઝડપાયો

સાયણઃ ઓલપાડ પોલીસે બાતમીના આધારે ડભારી દરિયા કિનારે પતરાંના ત્રણ અલગ-અલગ શેડમાં પ્રોહિબિશનની રેઇડ કરી હતી. આ કાર્યવાહી દરમિયાન પોલીસે વ્હીસ્કી અને બિયરની કુલ ૩૪૩ નંગ બોટલ મળી રૂ.૧,૨૬,૮૪૫નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જો કે, દરોડા દરમિયાન દક્ષાબેન સુભાષ પટેલ, જીજ્ઞેશ અરવિંદ પટેલ અને હિતેશ અશોક પટેલ નામના ત્રણેય બુટલેગરો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. પોલીસે તમામ વિરુદ્ધ ગુનો નોંધી તેમને વોન્ટેડ જાહેર કર્યા છે.

### ડભારીના ત્રણ વોન્ટેડ આરોપી ઝડપાયા

સાયણઃ ઓલપાડ પોલીસે પ્રોહિબિશન અને ફોજદારી ગુનાના ત્રણ વોન્ટેડ આરોપીઓને પિંજરત ગામના બસ સ્ટેન્ડ નજીકથી ઝડપી પાડ્યા હતા. પેટ્રોલિંગ દરમિયાન હેડ કોન્સ્ટેબલ અશોક ગણપત અને જગદીશ ઠાકોરને મળેલી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી આ કામગીરી કરી હતી. પકડાયેલા ત્રણેય આરોપીઓ ઓલપાડના ડભારી ગામના રહેવાસી છે, જેમાં કાંતિ છગનભાઈ પટેલ, બાબુ ગોવનભાઈ પટેલ અને લક્ષ્મણ પટેલનો સમાવેશ થાય છે. પોલીસે ગુનાની કબૂલાત બાદ ત્રણેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.